રજુ તા.:- ૧૨/૦૩/૨૦૨૫

દાખલ તા.:- ૧૨/૦૩/૨૦૨૫

નિકાલ તા.:- ૦૭/૦૫/૨૦૨૬

सत्यमेव जयते

અવધિ:- **૦૧ વ ૦૧મા ૨૬દિ**

# એડિશ્નલ સિવિલ જજ અને જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટ, રાપર, કચ્છ.

આંક:-___

**ફરિયાદી:-** શ્રી સરકાર

વિરુદ્ધ

**આરોપી:-** પ્રદિપસિંહ ગંભીરસિંહ સોઢા,

રહે. ડાભુંડા, તા.રાપર(કચ્છ).

**ગુન્હો:- ઇ.પી.કોડની કલમ- ૨૯૪(ખ), ૫૦૬(૨), ગુજરાત નાણા ધીરધાર અધિનીયમની કલમ-૫, ૩૩(૩), ૪૨(ઘ), ૪૭ મુજબ**

ફરિયાદી તરફે:- વિદ્વાન એ.પી.પી. શ્રી વી. કે. હઠીલા.

આરોપી તરફે:- વિદ્વાન વકીલ શ્રી એમ.ડી.ગઢવી.

**-::જજમેન્ટ::-**

**(૧)** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીએ આરોપી પાસેથી રૂપિયા પાંચ લાખ, ૧૦ ટકાના વ્યાજે લીધેલ તથા આરોપીને ફરીયાદી દર મહીને ૧૦ ટકાના હિસાબે વ્યાજ ચુકવતા હતા અને આરોપીએ પોતાની પાસે નાણા ધીરધારનું લાઈસન્સ ન હોવા છતા ફરીયાદી પાસેથી મુદલ વ્યાજ, જેમાં આરોપીએ રૂ.૬૪૦૦૦૦/- જેટલા વધુ નાણાની ફરીયાદીના દિકરા પાસે અવારનવાર નાંણા લઈ, ભુંડી ગાળો

આપી, સતામણી કરી, નાણા ધીરધાર અધિનીયમનો ભંગ કરી ગુનો કરી, ધી ગુજરાત નાંણા ધીરધાર અધિનિયમ ૨૦૧૧ ની કલમ ૫,૩૩(૩),૪૨(ઘ),૪૭ તથા ઇ.પી.કો કલમ ૫૦૬,૨૯૪(ખ) મુજબનો ગુનો નોંધી ગુનાનું ચાર્જશીટ પોલીસ સ્ટેશન તરફથી રજૂ કરેલ.

**(૨)** આરોપીને અત્રેની અદાલતમાં હાજર રહેવાનાં સમન્સ કરતા જે તેઓને બજી જતા, આરોપી હાજર થયા અને પોલીસ તપાસના કાગળોની નકલો વિનામૂલ્ય પૂરી પાડવામાં આવેલ છે અને ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને હાલના આરોપી સામે આંક-૦૩ થી તહોમતનામું ફરમાવી, આરોપીનું આંક-૦૪ અન્વયે પ્રાથમિક નિવેદન નોંધતા આરોપીએ તેમની સામેના હાલનો ગુનાનો ઇન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરિયાદપક્ષે આરોપી વિરુદ્ધ કેસ પુરવાર કરવા માટે નીચે મુજબ પુરાવા રજુ કરેલ છે.

**-::મૌખિક પુરાવો::-**

આંક-૦૫ થી ફરીયાદી ઇશ્વરભાઇ જાદવજીભાઇ દરજીની જુબાની

**-::દસ્તાવેજી પુરાવો::-**

આંક-૦૬ થી ફરીયાદ

આંક-૦૭ થી કલોઝિંગ પુરસીસ.

**(૪)** સદરહુ કામે ફરિયાદપક્ષે ઉપરોક્ત પુરાવા સિવાય અન્ય કોઇ પુરાવો રજૂ કરેલ નથી. આમ, ફરિયાદ પક્ષના પુરાવા ધ્યાને લેતા આ કામના આરોપી નું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઇ આવતો ન હોય વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

**(૫)** ફરિયાદ પક્ષે વિદ્વાન એપીપી શ્રી તથા આરોપી પક્ષે વિદ્વાન વકીલશ્રીને સાંભળ્યા. ફરિયાદ પક્ષે વિદ્વાન એપીપી શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે આ કામે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વાંચાણે લેતા ફરિયાદપક્ષ પોતાના કેસ પુરવાર કરી શકેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવી કાયદા મુજબ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે. જ્યારે બચાવ પક્ષે વિદ્વાન વકીલ શ્રી એવી દલીલ કરી જણાવેલ છે કે આ કામે ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવો વંચાણે લેતા આરોપી વિરુદ્ધ ફરમાવેલ તહોમત મુજબનો ગુનો પુરવાર થતો ન હોય, જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

**(૬)** આમ, કેસની ઉપરોક્ત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-::મુદ્દાઓ::-**

**મુદા નં.૧** :- શું ફરીયાદપક્ષ નિશંકપણે સાબીત કરે છે કે, આ કામના ફરીયાદીએ આરોપી પાસેથી રૂપિયા પાંચ લાખ, ૧૦ ટકાના વ્યાજે લીધેલ તથા આરોપીને ફરીયાદી દર મહીને ૧૦ ટકાના હિસાબે વ્યાજ ચુકવતા હતા અને આરોપીએ પોતાની પાસે નાણા ધીરધારનું લાઈસન્સ ન હોવા છતા ફરીયાદી પાસેથી મુદલ વ્યાજ, જેમાં આરોપીએ રૂ.૬૪૦૦૦૦/- જેટલા વધુ નાણાની ફરીયાદીના દિકરા પાસે અવારનવાર નાંણા લઈ, ભુંડી ગાળો આપી, સતામણી કરી, નાણા ધીરધાર અધિનીયમનો ભંગ કરી ગુનો કરી, ધી ગુજરાત નાંણા ધીરધાર અધિનિયમ ૨૦૧૧ ની કલમ ૫,૩૩(૩),૪૨(ઘ),૪૭ તથા ઇ.પી.કો કલમ ૫૦૬,૨૯૪(ખ) મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ છે ?

**મુદા નં.૨** :- શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદા નં.૧ :-** નકારમાં

**મુદા નં.૨ :-** આખરી હુકમ મુજબ.

**-::કારણો::-**

**(૮)** સદર કામે ફરિયાદપક્ષે ફરિયાદીની ફરિયાદના અનુસંધાનમાં આરોપી વિરુદ્ધ તે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા દ્વારા રેકર્ડ પર રજુ કરી તે મુજબનો ગુન્હો શંકા રહિત પુરવાર કરવા જોઈએ. આરોપીપક્ષે ઉલટતપાસ દ્વારા ફરિયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકાઓ ઉપસ્થિત થાય છે તે મુજબ રેકોર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઈએ અને જો કોઈ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજૂ કરવો જોઈએ. જો આવા કોઈ વિશેષ પુરાવામાં આરોપી પક્ષ નિષ્ફળ ગયેથી ફરિયાદ પક્ષનો પુરાવો સફળ થાય છે તેવું માની શકાય નહીં. પરંતુ સૌ પ્રથમ ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધ શંકા રહિતનો પુરાવો રજૂ કરવો જોઈએ તેવું કાયદાનું ધોરણ છે.

**(૯)** આ કામે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો, ફરીયાદપક્ષે આંક-૦૫ થી ફરીયાદી ઇશ્વરભાઇ જાદવજીભાઇ દરજી ની જુબાનીમાં તેઓ જણાવે છે કે, બનાવ આજથી છએક વર્ષ પહેલા મારા દીકરા અંકીતે પ્રદિપસિંહ ગંભીરસિંહ સોઢા, રહે ડાભુડા વાળા પાસેથી રૂ. ત્રણ લાખ વાર્ષીક ૧૦ ટકાના વ્યાજે અને મહીને ૩૦૦૦૦ હપ્તો ચુકવવાનુ નકકી કરેલ અને થોડો સમય બાદ બે લાખ રૂપિયા પ્રદિપસ્હિ પાસેથી ૧૦ ટકાના વ્યાજે લીધેલા. આમ મહીને પચાસ હાજર રૂપિયા વ્યાજ પેટે ભરતા હતા. આમ મારા દીકરાએ કુલ અગીયાર લાખ ચાલીસ હજાર પુરા ચુકવેલ અને મારો દીકરો કયારેક વ્યાજ ચુકવવાનુ મોડુ થાય તો આ પ્રદિપસિંહ મારી દુકાને

આવી મને કહેતો હતો. જેથી મે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. મને ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જેને રજુ દાખલ આંક-૦૬ આપવામાં આવે છે. આ કામના આરોપીને હુ ઓળખુ છુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે. સદર કામે ખુદ ફરીયાદી ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપતા ન હોય તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે.

બચાવપક્ષે સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, પ્રદીપસિહ સોઢાએ મારી પાસે કોઇ વધુ વ્યાજની માંગણી કરેલ નથી કે મને કે મારા દીકરાને માં-બેન સામી ભુંડી ગાળો બોલી માનસીક સતામણી કરેલ નથી. એ વાત ખરી છે કે અમારે સમાધાન થઇ ગયેલ છે.

**(૧૦)** આમ, ફરિયાદપક્ષનો પુરાવો તથા કરવામાં આવેલ રજૂઆતોનું મૂલ્યાંકન કરતા, આ કામે ખુદ ફરીયાદી તેઓના પુરાવામાં ફરીયાદપક્ષની હકીકતને કોઇ બીનસમર્થનકારી પુરાવો આપેલ છે જેથી તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને તેઓની ઉલટતપાસમાં એવી હકીકત સ્પષ્ટ સ્વીકારેલ છે કે, આરોપી પ્રદીપસિહ સોઢાએ તેઓની પાસે કોઇ વધુ વ્યાજની માંગણી કરેલ નથી કે તેમને કે તેમના દીકરાને માં-બેન સામી ભુંડી ગાળો બોલી માનસીક સતામણી કરેલ નથી અને તેઓને સમાધાન થઇ ગયેલ છે. આમ, જયારે મુખ્ય સાહેદ એવા ફરીયાદી હાલના આરોપીએ આક્ષેપિત ગુનો નહી આચરેલાનું સ્વીકારેલ હોય અને ઉલટતપાસમાં બનાવ વખતે આરોપીએ વ્યાજની માંગણી નહી કરેલાની તથા ભુંડી ગાળો કે સતામણી નહી કરેલાની હકીકત સ્વીકારતા હોય, તે સંજોગોમાં અન્ય સાહેદોનો પુરાવો ગૌણ બની જાય છે અને તેનુ પુરાવાકીય મુલ્ય રહેતુ નથી તેમજ ખુદ ફરીયાદીના પુરાવાથી હાલના આરોપી સામેનો આક્ષેપીત ગુનો પુરવાર થતો નથી અને ખુદ ફરીયાદી ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતા નથી,

ત્યારે આંક-૦૬ વાળી ફરીયાદ હકીકત પુરવાર થતી નથી અને ફરીયાદીની જુબાનીથી ફરીયાદ બીનપુરવાર રહેલ છે.

**(૧૧)** આમ, ઉપરોકત રજુ પુરાવાથી ફરીયાદની કેસની હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ નથી. ફરીયાદીની ફરીયાદ અને જુબાની જોતા હાલના આરોપી પરનો આક્ષેપીત ગુના રેકર્ડ પરના પુરાવાથી સાબીત થતા નથી અને મૌખિક પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ ન હોય અન્ય સાહેદોના પુરાવાનુ પુરાવાકીય મહત્વ રહેતુ નથી અને રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપીને તેઓની સામેના ગુનામાં સાંકળી તકસીરવાન ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો અભાવ હોય તેઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા ન્યાયિત જણાતું હોય અને ફરિયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપ શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે, જેનો લાભ આરોપીને  મળવાપાત્ર છે. આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપીને તેઓની સામેના ગુનામાં સાંકળી તકસીરવાન ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો અભાવ હોય તેઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા ન્યાયિત જણાતું હોય અને ફરિયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપ શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે, જેનો લાભ આરોપીને મળવાપાત્ર છે જેથી ઉપરોક્ત ચર્ચાની અંતે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-::આખરી હુકમ::-**

૧. આ કામના આરોપી **પ્રદિપસિંહ ગંભીરસિંહ સોઢા**, રહે. ડાભુંડા, તા.રાપર (કચ્છ) નાઓને ઇન્ડીયન પીનલ કોડની કલમ- ૨૯૪(ખ), ૫૦૬(૨), ગુજરાત નાણા ધીરધાર અધિનીયમની કલમ-૫, ૩૩(૩), ૪૨(ઘ), ૪૭ મુજબના ગુનામાંથી ધી ક્રિમિનલ પ્રોસિજર કોડ, ૧૯૭૩ ની કલમ-૨૪૮(૧) અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે આરોપીએ અપીલ સમય સુધીના જામીન રજુ કરવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**(કુલદીપ મુકેશકુમાર ગઢવી)**

સ્થળ:- રાપર

જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, રાપર, કચ્છ

તા. ૦૭.૦૫.૨૦૨૬

Judge Code - GJ01555